# ધનસુરા તાલુકા પંચાયતમાં રામ રાજમાં કર્મચારીઓ સુખી જેવો ઘાટ

## કચેરીમાં સરકારી બાબુઓ ગાયબ રહેતાં અરજદારો પરેશાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ધનસુરા તાલુકા પંચાયતમાં છેલ્લા કેટલાક દિવસોથી રામ રાજમાં કર્મચારીઓ સુખી હોય તેવો ઘાટ જોવા મળ્યો. અરજદારો કામ અર્થે કચેરીમાં આવે છે પરંતુ સરકારી અધિકારી-કર્મચારીઓ ગાયબ રહેતા હોવાથી ધરમકક્કા થઈ રહ્યા છે. સરકાર વિજ બીલ બચાવવા માટે પ્રયત્નો કરી રહી છે ત્યારે સરકારી બાબુઓની ગેરહાજરીમાં કચેરીઓમાં લાઈટ તેમજ પંખા ધમધમતા જોઈ અનેક અરજદારો આશ્ચર્ય અનુભવી રહ્યા છે. ચાલુ ફરજે અરજદારોનાં કામ ટલ્લે ચઢાવી અધિકારીઓ તેમજ કર્મચારીઓ ક્યાં ગાયબ થઈ જાય છે..?? તે તપાસનો વિષય બન્યો છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી મોટાભાગની સરકારી કચેરીઓમાં અરજદારોનો ધસારો શરૂ થયો છે. જાતિ તેમજ આવકના પ્રમાણપત્રો માટે સવારથી ગ્રામ્ય વિસ્તારના અરજદારો





કચેરીઓમાં કતારો લગાવી રહ્યા છે ત્યારે ધનસુરા તાલુકા પંચાયતમાં અરજદારોને સમયસર જરૂરી દાખલા મળતા ન હોવાની ફરિયાદ ઉઠી છે. ઉચ્ચ અધિકારીઓ તેમજ અન્ય કર્મચારીઓની ગેરહાજરી મુદ્દે આશ્ચર્ય ઉભું થયું છે. જ્યારે હંગામી ધોરણે કામ કરનાર કર્મચારીઓ કચેરીમાં જોવા મળે છે પરંતુ દાખલાઓ ઉપર જેમની સહી લેવાની હોય તે અધિકારી ઓફીસમાં હાજર મળતા નથી. અરજદારો એક કચેરીથી બીજી કચેરી આંટા મારે ત્યારે કચેરીઓ મોટાભાગે સૂમસામ જોવા મળી રહી છે. છેલ્લા કેટલાય સમયથી ચાલુ ફરજે કર્મચારીઓ ગુલ્લી મારી ક્યાં જાય છે તે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓએ તપાસવું રહ્યું.

# બાયડ કોર્ટ દ્વારા ચેક પરત ફરવાના કેસમાં આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા


## રૂા.૫૦૦૦નો દંડ પણ કર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

બાયડ કોર્ટે ખેડા જિલ્લાના આલમપુરના અરવિંદ બબાભાઈ સોઢાએ આપેલો રૂા.૧,૮૦,૦૦૦નો ચેક પરત ફરતાં હસમુખભાઈ જેસીંગભાઈ દેસાઈ(રહે.બાયડ) દ્વારા તેમના એડવોકેટ ધૈર્યકુમાર આર. પટેલ દ્વારા બાયડ કોર્ટમાં ફરિયાદ કરી હતી. સદર કેસમાં ૧ વર્ષ અને ૧૩ દિવસ પછી ચૂકાદો આવતાં ચેક પરત ફરવાના કેસમાં અરવિંદભાઈ સોઢાને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા અને રૂા.૫૦૦૦નો દંડ કરતો હુકમ થતાં હલચલ મચી છે.

રાજ્યમાં કોરોનાના સંક્રમણના કારણે કોર્ટમાં પ્રત્યક્ષ કામગીરી બંધ હતી પરંતુ સંક્રમણ હળવું થયા પછી કોર્ટમાં પ્રત્યક્ષ કામગીરી અને ઝડપથી ચૂકાદા આવી રહ્યા છે. લોકો પાસેથી પૈસા લઈ અને ચેક આપવાના પરંતુ અપૂરતા ફંડના કારણે ચેક પરત ફરતાં હવે કોર્ટમાં ચેક પરત ફરવાના કેસમાં વધારો થઈ રહ્યો છે. બાયડના ચોઈલા રોડ ઉપર આવેલી વિવેકાનંદ સોસાયટીમાં રહેતા હસમુખ જેસીંગભાઈ દેસાઈએ કપડવંજ તાલુકાના આલમપુરના અરવિંદ બબાભાઈ સોઢાને રૂા.૧,૮૦,૦૦૦ આપ્યા હતા અને સામે આરોપી દ્વારા ચેક આપવામાં આવ્યો હતો પરંતુ બેન્કના ભરણામાં ગયા પછી અપૂરતા ફંડના કારણે ચેક પરત ફર્યો હતો. ઉઘરાણી કરવા છતાં પૈસા ન આવતાં છેવટે તેમના એડવોકેટ મારફતે બાયડના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં તા.૧૧ ઓગષ્ટ-૨૦૨૦ના રોજ વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સદર કેસ ૧ વર્ષથી પણ વધુ સમય પછી કોર્ટમાં ચાલી જતાં આરોપીને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા ફરમાવતો જજ કુ.ભારતી ગોવિંદભાઈ રાઠોડે આદેશ કર્યો છે તેમજ ચેકની રકમ જેટલું વળતર ન ચૂકવે તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ થતાં જેમના પણ ચેક પરત થયા છે અને કોર્ટ કેસ ચાલી રહ્યા છે તેમની ઉંઘ હરામ થઈ છે.

# જન્મદિને વધામણી



રમેશભાઈ પી. પટેલ (પૂર્વ ચેરમેન : બાંધકામ સમિતિ અરવલ્લી જિલ્લા પંચાયત) આંબલિયારા, તા.બાયડ



જી.એસ.) ઉત્તમ ચૌધરી બાયડ, જિ.અરવલ્લી



**ઘરમાં રહો, સુરક્ષિત રહો**

**રક્તદાન મહાદાન**

### ડીસા ખાતે પ્રજાપતિ સમાજની રાજકીય ચિંતન બેઠક

# ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પ્રજાપતિ સમાજને ૧૫ ટીકીટ ફાળવે તેવી માંગ કરાઈ

## પ્રજાપતિ સમાજનું રાજકીય કદ વધારવા અસ્મિતા અભિયાન શરૂ કરાયું



પાલનપુર, તા. ૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે ત્યારે વિવિધ સમજો દ્વારા પોતાના સમાજના ઉમેદવારોને ટીકીટ આપવાની માંગો કરાઈ રહી છે. ત્યારે ડીસા ખાતે સમસ્ત પ્રજાપતિ સમાજની ચૂંટણી ચિંતન બેઠક મળી હતી. જેમાં ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપ પક્ષ પ્રજાપતિ સમાજને ૧૫ ટિકિટો ફાળવે તેવી માંગ કરાઈ હતી. ડીસા ખાતે સમસ્ત પ્રજાપતિ સમાજની રાજકીય અસ્મિતા અભિયાન અંતર્ગત વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીની ચિંતન મીટીંગ મળી હતી. જેમાં વિધાનસભા ની ચૂંટણીમાં ભાજપ પક્ષ પ્રજાપતિ સમાજને ૧૫ થી વધુ ટીકિટો આપવામાં આવે તેવા સુર સાથે અવાજ ઉઠાવવા માં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં રાજ્ય સભાના સાંસદ દિનેશભાઈ અનાવાડિયા નું સન્માન કરાયું હતું. જોકે, આ બેઠકમાં જિલ્લામાંથી મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના આગેવાનો અને ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કુંભકાર મહાસભાના રાષ્ટ્રીય મહા સચિવ ન્યુ દિલ્લીના અનિલભાઈ પ્રજાપતિ, રાજ્યસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડીયા, લાલજીભાઈ પ્રજાપતિ, વીરચંદભાઈ પ્રજાપતિ સહિત સમાજના રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર સિવિલના ૩૫૦ કોરોના વૉરિયર્સને સન્માનિત કરાયા

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના વૉરિયર્સનો સન્માન સમારોહ યોજાયો હતો.



કોરોનાના કપરા કાળમાં ડૉક્ટર્સ, નર્સીંગ સહિતના મેડિકલ સ્ટાફે જાનના જોખમે ફરજ બજાવી અનેક લોકોને જીવતદાન આપ્યું છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના વૉરિયર્સનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાંપાલનપુર સિવિલના તબીબો અને નર્સીંગ સ્ટાફ સહિત ૩૫૦ જેટલા કોરોના વૉરિયર્સને સન્માનિત કરાયા હોવાનું બનાસકાંઠા મહિલા મોરચાના પ્રભારી મીતાબેન સોનીએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ભીખીબેન વોરાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં મહિલા મોરચાના પ્રભારી શ્રદ્ધાબેન રાજપૂત અને પુષ્પાબેન ઠાકોર, જિલ્લા મહિલા મોરચાના પ્રભારી મિતાબેન સોની, પૂર્વ ધારાસભ્ય રેખાબેન ખાણેસા, નગરપાલિકા પ્રમુખ હેતલબેન રાવલ, મહામંત્રી કોકિલાબેન પંચાલ, કોકિલાબેન પ્રજાપતિ, જિલ્લા ઉપાધ્યક્ષ માધુભાઈ રાણા, અમૃતભાઈ દેસાઈ, જિલ્લા મંત્રી દશરથસિંહ સોલંકી, સિવિલ સુપ્રિ.ડો.સુનિલ જોશી સહિત મોટી સંખ્યામાં કોરોના વૉરિયર્સ સહિત ભાજપના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બેચરાજી ખાતે રાજ્ય યોગ બોર્ડના ચેરમેનની ઉપસ્થિતિમાં યોગ સંવાદ યોજાયો

**યોગ કરો, રોગ ભગાડો, દરેક ગામડામાં યોગનો પ્રચાર-પ્રસાર થાય, આપણું ગુજરાત અને દેશ યોગમય બને તે દિશામાં આપણું સંપૂર્ણ યોગદાન આપીએ : ચેરમેન શીશપાલજી રાજપૂત**

મહેસાણા, તા. ૩

બેચરાજી ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજી રાજપૂતના અધ્યક્ષ સ્થાને યોગ સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. યોગમય ગુજરાત બને તેવા હેતુસર યોગ સંવાદ રીફ્રેશર તાલીમ સત્રનું આયોજન કરાયું હતું.




આ પ્રસંગે ચેરમેનશ્રી શીશપાલજી રાજપૂતે જણાવ્યું હતું કે, યોગ એ આપણી ભારતીય સંસ્કુતિ છે અને યોગ દ્વારા આપણે તન અને મનથી પ્રફુલ્લિત રહી શકીએ છીએ. બિમારીને દુર રાખી શકીએ છીએ. આથી જ યોગનો વ્યાપ ખુબ વિશાળ પાયે થાય અને છેવાડાના ગામડા સુધી યોગ પહોચે, પ્રજાજનો શારીરિક-માનસિકરોગથી અને નશાથી મુકત થાય,દરેક ગામડામાં યોગનો પ્રચાર-પ્રસાર થાય, ગુજરાત અને દેશ યોગમય બને તે માટે સઘન પ્રયત્નો ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગનું મહત્વ સમગ્ર દુનિયાને સમજાવીને વિશ્વ યોગ દિવસની દુનિયાને ભેટ આપી છે. વિશ્વ યોગ દિવસને લઈને આખી દુનિયામાં યોગને આગવી ઓળખ મળી છે, જે આપણા માટે ગૌરવની વાત છે.


આ પ્રસંગે રાજ્ય યોગ બોર્ડના ડિરેક્ટર શ્રી.ચંદ્રસિંહ ઝાલા, મિસ વર્લ્ડ યોગીની પૂજા પટેલ, બ્રહ્માકુમારી બહેનશ્રી ગીતાબેન, યોગ કોચ શ્રી. ધર્મેન્દ્ર શર્મા, અજીતભાઈ પટેલ,મહંત અવધકિશોરદાસજી, દેવાંગભાઈ, સરપંચ, બેચરાજી, યોગ બોર્ડના સભ્યો,આમંત્રિતો, મહાનુભાવો, પ્રજાજનો અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ડૉ.મનીષભાઈ પંડયાની પસંદગી

## પાંચમી સપ્ટેમ્બરના રોજ સરકાર યોજિત સમારંભમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ અપાશે

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લા માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિભાગમાં સાબરકાંઠા જિલ્લાની પસંદગી સમિતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકે ડૉ. મનીષભાઈ રમણલાલ પંડ્યાની પસંદગી થઈ છે. ડૉ. મનીષ ભાઈ પંડ્યા હિંમતનગરની જૈનાચાર્ય આનંદઘનસુરી વિદ્યાલયના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રસાયણ વિષય શિક્ષક તરીકે છેલ્લાં ૨૫ વર્ષથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. ડોક્ટરેટની પદવી, કોરોના કાળ દરમ્યાન યુટ્યુબના માધ્યમથી ગુજરાતના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ઓનલાઈન શિક્ષણ, આઠ હજાર કરતાં પણ વધુ યુટ્યુબ સબસ્ક્રાઈબર, ૨૨લાખ કરતાં પણ વધુ સમયનો વૉચટાઈમ, રસાયણ વિજ્ઞાનના



બેઝિક વિડીયો, સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા સતત એક માસ સુધી કોરોના કાળમાં ઓનલાઈન શિક્ષણ, એનસીઈઆરટી પ્રેરિત દીક્ષા પોર્ટલ પર મુકેલ ડીજીટલ પુસ્તકો તથા ક્યુ.આર. કોડ માં તેઓના વિડિયોઝ પસંદગી સામાજિક સેવાઓ, નવાચાર જેવી બાબતોને ધ્યાને રાખી જિલ્લા પસંદગી સમિતિ દ્વારા તેઓની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યાલય પરિવાર તથા સમગ્ર જિલ્લામાં આનંદની લાગણી છવાઈ છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા ડૉ. મનીષભાઈ પંડ્યાને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# મોયદ નાથાજી ખાતે સામાન્ય વાતમાં બોલાચાલી બાદ લાકડી ધારીયા વડે હુમલો

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ નાથાજી ખાતે સામાન્ય વાતમા બોલાચાલી બાદ ગાળો-બોલી લાકડી ધારાયા વડે હુમલો કર્યો તો છને ઈજાઓ થતા પ્રાંતિજ-હિંમતનગર સારવાર અર્થે ખસેડવામા આવ્યા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બન્ને પક્ષો દ્વારા સામ-સામે પોલીસ ફરિયાદ થઈ.

**છ ને ઈજાઓ થતાં પ્રાંતિજ હિંમતનગર સારવાર અર્થે ખસેડવામા આવ્યા : પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સામ-સામે પોલીસ ફરિયાદ થઈ : કુલ-૧૩ લોકો સામે પોલીસ ફરીયાદ થઈ : પ્રાંતિજ પોલીસે બન્ને પક્ષે ફરીયાદ લઈ તપાસ હાથ ધરી**

પ્રાંતિજના મોયદ નાથાજી ખાતે ફરીયાદી યુવરાજ સિંહ મોતીસિંહ રાઠોડ ઉ.વર્ષ. -૨૧ કે જે મોયદ થી સાંપડ જતા રોડ ઉપર દોડવા માટે ગયેલ હતો અને ત્યારે ગામનાજ શૈલેષ સિંહ લલિતસિંહ રાઠોડ તથા તેનો ભાઈ સંદિપસિંહ લલિતસિંહ રાઠોડ યુવરાજ સિંહ ને ઉભો રાખી કહેલ તુ અમારી સામે કેમ જોવે છે તેમ કહી યુવરાજ સિંહ સાથે બોલાચાલી તથા ગાળાગાળી કરી હતી અને ઘરે જઈ ને આ વાત તેના પિતા મોતીસિંહ રાઠોડ ને કરતા તેવો લલિતસિંહ ગુલાબસિંહ રાઠોડના ઘરે ઠપકો કરવા માટે ગયેલ અને ઠપકો કરી પરત ઘરે આવતા તેમની પાછળ લલિતસિંહ રાઠોડ તથા તેમના બન્ને દિકરા શૈલેષસિંહ તથા સંદિપસિંહ તથા તેમના કુટુંબી કાળુસિંહ રગુસિંહ રાઠોડ, કનકસિંહ ઉદેસિંહ રાઠોડ, ચિરાગ સિંહ ધનરાજ સિંહ રાઠોડ, સચિન સિંહ કાળુસિંહ રાઠોડ, જસ્પાલ સિંહ ચંદુ સિંહ રાઠોડ, સંજયસિંહ સુરજસિંહ રાઠોડ ના ઓ એક સંપ થઈ હાથમા લાકડીઓ તથા ધારીયુ લઈ યુવરાજ સિંહ ના ઘરે જઈ અને શૈલેષ સિંહ ના હાથમા લાકડી હતી તે યુવરાજ સિંહ ને માથાના પાછળ ના ભાગે મારતા યુવરાજ સિંહ નીચે પડી ગયો હતો અને મને બચાવવા માટે બુમાબુમ કરતા મારા મોટા બાપુજી પ્રવિણ સિંહ તથા પિતા મોતીસિંહ તથા મારા કાકાનો દીકરો વરૂણ સિંહ તથા મોટા બાપા લક્ષ્મણ સિંહ આવી ગયા હતા અને કાળુસિંહ રાઠોડ ના હાથમાં રહેલુ ધારીયુ હતુ તે મારા મોટા બાપુજી પ્રવિણ સિંહ ના ઓને મારતા જમણી આંખ ની બાજુ મા વાગેલ અને મારા પિતા મોતીસિંહ ને પણ કાળુસિંહ દ્વારા ધારીયું મારતા ડાબીઆંખ ની બાજુમા ધારીયુ મારતા ઈજાઓ થયેલ અને યુવરાજ સિંહ ના કાકા ના દિકરા વરૂણ સિંહ ને સંદિપસિંહ હે તેના હાથમા રહેલ લાકડી ડાબે હા કોણીના ભાગે મારેલ અને જસપાલ સિંહ ચંદુસિંહ તેના હાથમાની લાકડી યુવરાજ સિંહ ના મોટા બાપુજી લક્ષ્મણસિંહ ને ડાબા હાથે મારતા ટચલી આંગળી ઉપર વાગેલ અને મારા બા ગલાબા લક્ષ્મણસિંહ ને લલિતસિંહ એ તેમના હાથમા ની લાકડી જમણા હાથે મારેલ અને તેમની સાથે આવેલ કનકસિંહ ઉદેસિંહ રાઠોડ, ચિરાગ સિંહ ધનરાજ સિંહ રાઠોડ , સચિન સિંહ કાળુસિંહ રાઠોડ, સંજયસિંહ સુરજસિંહ રાઠોડ દ્વારા યુવરાજ સિંહ તથા તેના પિતા મોતીસિંહ રાઠોડ ને તથા મારા મોટા બાપુજી તથા વરૂણ સિંહ ને ગડદાપાટુનો માર મારતા હતા અને બુમાબુમ થતા બાજુ માંથી દાદુસિંહ કલ્યાણ સિંહ, હરદિપસિંહ, દિલીપસિંહ રાઠોડ આવી ગયા હતા અને વધુ મારમાંથી છોડાવેલ અને જતા જતા આરોપી કહેતા ગયા આજે તો બચી ગયો છો ફરી સામે આવ્યા તો જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ તથા ગાળોબોલતા જતા રહ્યા ત્યારે ઈજાગ્રસ્તો ને પ્રાંતિજ-હિંમતનગર સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો આ અંગેની પોલીસ ફરીયાદ યુવરાજ સિંહ મોતીસિંહ રાઠોડ ઉ.વર્ષ ૨૧ રહે.મોયદ નાથાજી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે લલિતસિંહ ગુલાબસિંહ રાઠોડ, શૈલેષસિંહ લલિતસિંહ રાઠોડ, સંદિપસિંહ લલિતસિંહ રાઠોડ, કાળુસિંહ રગુસિંહ રાઠોડ, કનકસિંહ ઉદેસિંહ રાઠોડ, ચિરાગ સિંહ ધનરાજ સિંહ રાઠોડ, ચચિનસિંહ કાળુસિંહ રાઠોડ, જસપાલસિંહ ચંદુસિંહ રાઠોડ, સંજયસિંહ સુરજસિંહ રાઠોડ વિરૂધ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામા નો ભંગ કરવા બદલ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સામા પક્ષે બાલુબા કનકસિંહ ઉદેસિંહ રાઠોડ ઉ.વર્ષ-૫૫ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં યુવરાજસિંહ મોતીસિંહ રાઠોડ, મોતીસિંહ મહોબતસિંહ રાઠોડ, રાજદિપસિંહ પ્રવિણસિહ રાઠોડ, પ્રવિણસિંહ મહોબતસિંહ રાઠોડ સહિત ચાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.જે.ચાવડા દ્વારા હાથ ધરવામા આવી.


# પાલનપુર પાલિકાનું ફાયર ફાયટર બ્રેક ડાઉન હાલતમાં

## બેટરી ખરાબ થઇ ગઇ હોવાથી ફાયરને ધક્કા મારીને ચાલુ કરવુ પડે છે : દસ દિવસથી પાલિકામાં જાણ કરવા છતાં બેટરી નંખાઇ ન હોવાની રાવ

પાલનપુર, તા. ૩

પાલનપુર નગરપાલિકાના ફાયર ફાઈટરની બેટરી ખરાબ થઈ ગઈ હોવાથી ગાડીને સેલ લાગતો નથી. દસ દિવસ ઉપરાંતનો સમય થયો હોવા છતાં હજુ સુધી બેટરી નાંખવામાં આવી નથી. જેના કારણે ફાયર ઉપર બ્રેક ડાઉનનું પાટીયુ મારવુ પડ્યુ છે.

પાલનપુર શહેરમાં આગની હોનારત સર્જાય તો તેને બુજાવવા માટે પાલિકા માં ફાયર ફાયટર,વોટર બાઉઝર, બુલેટ ફાયર જેવા સાધનો વસાવવામાં આવેલા છે. તેમજ કેટલાક સાધનો સરકાર દ્વારા પણ ફાળવેલા છે. પરંતુ તેનું યોગ્ય મેન્ટેનન્સ થતુ ન હોવાના કારણે



ટુંકા ગાળામાં સાધનો ખરાબ થઈ જતા હોય છે. અને લાખ્ખો રૂપિયા ના ખર્ચે વસાવેલા સાધનો ભંગાર હાલતમાં થઈ જતા હોય છે.સરકાર દ્વારા સફાઈ માટે ફાળવેલી વાન તો અત્યારે ધુળ ખાય છે. તેની સાથે-સાથે પાલનપુર પાલિકાના ફાયર સ્ટેશનમાં પડેલ ફાયરો પૈકીનું એક ફાયરને બેટરી ખરાબ થઈ છે.

જેના કારણે ફાયર-ફાયટરને સેલ લાગી શકતો નથી અને ધક્કા મારીને ચાલુ કરવુ પડે છે.જેથી આ બાબતની જાણ પાલીકાને કરવા છતાં દસ દિવસનો સમય ગાળો વિતવા છતાં હજુસુધી ફાયરમાં બેટરી લગાવવામાં આવી નથી. જેના કારણે ફાયર ફાયટર ઉપર બ્રેક ડાઉનનું બોર્ડ મારી ફાયર સ્ટેશનમાં શોભાના ગાંઠીયા સમાન ફાયર ફાયટર ભાસી રહ્યુ છે.

પાલિકા દ્વારા કેટલીક વખત જરૂર વગરના લાખ્ખો રૂપિયાના ખર્ચાઓ કરવામાં આવતા હોય છે. પરંતુ લોકોને ઉપયોગી ફાયર ફાયટરની બેટરી નાખવા માટે દિવસોના દિવસો પસાર કરી દેવામાં આવતા હોય છે. જેથી પાલિકા દ્વારા ઝડપથી બેટરીનો ખર્ચ પાડી ફાયર-ફાયટર ચાલુ કરવામાં આવે તે જરૂરી છે.

### પાલિકાની ગાડીઓ સર્વિસ માટે સર્વિસ સ્ટેશન હોવુ જોઇએ

પાલનપુર પાલિકા પાસે અનેક સાધનો છે.પરંતુ તેની યોગ્ય જાળવણી ન થતી હોવાના કારણે ધૂળ ખાતા નજરે પડી રહ્યા છે.જેના કારણે લોકોના ઉપયોગી માટે વસાવેલા સાધનો તેના સમય કરતા વહેલા ખરાબ થઈ જતા હોય છે.જેથી પાલિકા દ્વારા હમીરબાગ સંપ ઉપર રેમ્પ તો તૈયાર કરવામાં આવેલો છે. પરંતુ ત્યાં પડેલી ફાજલ જગ્યામાં એક સર્વિસ સ્ટેશન ઉભુ કરવામાં આવે તો પાલિકાની તમામ ગાડીઓનું મેન્ટનેન્સનું કામ યોગ્ય રીતે થાય તો ગાડીઓનું આયુષ્ય વધી જતુ હોય છે. જેથી આ બાબતે એક નગર સેવકે સર્વિસ સ્ટેશન બનાવવા માટે રજૂઆત પણ કરી છે. તો પાલિકા દ્વારા આ દિશામાં વિચારણા કરી સર્વિસ સ્ટેશન ઉભુ કરવાની તાતી જરૂર છે.

### ગુણવત્તાયુક્ત પાયલોટ હોવા જોઇએ

કોઈ પણ સાધન ચલાવવા માટેની મેથડ હોય છે. પરંતુ કેટલીક વખત નવિન સાધનો આડેધડ ચલાવવામાં આવતા હોવાના કારણે વાહનો અવાર-નવાર બગડવાની શક્યતાઓ રહેતી હોય છે. જેથી પાલિકા દ્વારા જે સાધન જે ડ્રાઈવર ચલાવતો હોય તેને તે સાધનનું સંપૂર્ણ નોલેજ હોય છે કે કેમ તે બાબતની ચકાસણી કરી અને જો તે સાધનનું તેને જાણકારી ન હોય તો જે પાલિકાનું સાધન જે પાયલોટ ચલાવતો હોય તેને તે સાધન અંગેની માહિતી આપી ટ્રેનિંગ આપવી જોઈએ. જેથી સાધનો બગડવાની સમસ્યાઓમાં ઘટાડો થઈ શકે છે??